જમીન સૌદાબાજી મામલે સંસદમાં હોબાળો

નવી દિલ્હી,તા.૧૩

મુખ્યવિરોધ પક્ષ ભાજપે આજે સંસદમાં રોબર્ટ વાદેરા સાથે સંબંધિત સૌદાબાજીનો મામલો ઉઠાવ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાદેરાના જમીન સૌદાબાજીના મુદ્દે કામગીરી બંને ગૃહોમાં ખોરવાઈ ગઈ હતી. લોકસભાઅને રાજ્યસભા બંનેમાં ભારે ધાંધલ ધમાલ રહી હતી. ભાજપના સભ્યો આક્રમકરીતે તમામ મુદ્દા ઉઠાવ્યા હતા. કોંગ્રેસ સરકાર પર દબાણ વધારવાના પ્રયાસો પણ ભાજપ દ્વારા કરાયા હતા. રોબર્ટ વાદેરા જમીન સૌદાબાજીનો મામલો ઉઠાવીને ભાજપ દ્વારા સીટ મારફતે તપાસની માંગ કરી હતી. રાજ્યસભાનીકામગીરી શરૂ થવાની સાથે જ ભાજપના સભ્યોએ રોબર્ટ વાદેરાને લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા. ધાંધલ ધમાલ વધી ગયા બાદ રાજ્યસભાના અધ્યક્ષ હમિદ અંસારીએ કામગીરીને ૧૨.૦૦ વાગ્યા સુધી મોકુફ કરી દીધી હતી. ભાજપના સભ્યોએ વાંધો ઉઠાવતા અધ્યક્ષે નારાજગીના અંદાજમાં કહ્યુ હતુ કે માનનીય સભ્યો ઇચ્છે છેકે સંસદ ફેડરેશન ઓફ એનારકિસ્ટ બને તો જુદીવાત છે. ત્યારબાદ તેઓએ ૧૧.૦૪ વાગ્યે જ કામગીરીને ૧૨.૦૦ વાગ્યા સુધી મોકુફ કરી દીધી હતી. બીજી બાજુ લોકસભામાં કિસ્તવાર હિંસા, રોબર્ટ વાદેરા સાથે સંબંધિત જમીન સૌદાબાજીનો મુદ્દ ઉઠાવવામાં આવ્યો હતો. લોકસભામાં પણ આ તમામ મુદ્દે હોબાળો રહ્યો હતો. તેલંગાણાના અને કિસ્તવારના મુદ્દા પણ છવાયેલા રહ્યા હતા. ભાજપના સાંસદ યશવંત સિંહાએ કહ્યુ હતુ કે દેશમાં એક એવી વ્યક્તિ છે જે વ્યક્તિએ ક્યારેય કારોબારમાં અભ્યાસ કર્યો નથી પરંતુ કરોડો રૂપિયા બનાવી લીધા છે. રોબર્ટ વાદેરાની જમીન સૌદાબાજીમાં એસઆઈટી મારફતે તપાસ કરાવવાની માંગ કરીને



સિંહાએ કહ્યુ હતુ કે માત્ર હરિયાણામાં જ નહીં બલકે સમગ્ર એનસીઆરમાં જ્યાં કોંગ્રેસની સત્તા છે ત્યાં પણ રોબર્ટ વાદેરાની જમીન કૌભાંડમાં સંડોવણી છે. યશવંત સિંહાએ વાદેરા પર નિવેદન કર્યા બાદ કોંગ્રેસના સાંસદો પણ આક્રમક મૂડમાં આવી ગયા હતા. લોકસભામાં પણ આ મુદ્દો છવાયેલો હતો. ભાજપને કોંગ્રેસ કા હાથ દામાદ કે સાથે જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

નવાજ શરીફ ભારત સાથે શાંતિ સ્થાપિત કરવાના મૂડમાં

નવી દિલ્હી,તા. ૧૩

પાકિસ્તાન દ્વારા જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા પર સતત યુદ્ધવિરામનો ભંગ કરીને ભારતીય ચોકીઓ પર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેની હવે ભારત સરકારે ખૂબજ ગંભીરનોંધ લીધી છે. ભારતે હવે કઠોર વલણ અપનાવીને સાફ શબ્દોમાં કહ્યુ છે કે સરહદ પર શાંતિ સ્થાપિત થયા બાદ જ પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવામાં આવશે નહીં. ભારતે લાલ આંખ કરીને આ પ્રકારનું કઠોર વલણ અપનાવતા ન્યૂયોર્કમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફ સાથે વડાપ્રધાન મનમોહનસિંહની સૂચિત વાતચીતને લઈને સસ્પેન્સની સ્થિતિ વધુ ઘેરી બની ગઈ છે. હકીકતમાં આજે પાકિસ્તાનમાં વડાપ્રધાન નવાજ શરીફે ભારતની સાથે વાતચીતની ઓફર કરી હતી. પરંતુ વિદેશ મંત્રાલયના પ્રવક્તા સૈયદ અકબરુદ્દીન દ્વારા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છેકે જ્યાં સુધી સરહદ પર શાંતિ સ્થાપિત થશે નહીં ત્યાંસુધી પાકિસ્તાન સાથે કોઈ વાતચીત થશે નહીં. હાલમાં ભારત પડોશી દેશ પાકિસ્તાનના વડાપ્રધાનની પહેલ અંગે ગંભીરતાપૂર્વક વિચારી રહ્યુ નથી. વિદેશમંત્રાલયના પ્રવક્તાએ એમ પણ કહ્યુ છે કે હાલમાં જે વાતાવરણ છે તે વાતચીત માટે સાનુકૂળ નથી. પાકિસ્તાને સૌથી પહેલા અંકુશરેખા પર ભારતીય જવાનોની હત્યા અંગે જવાબ આપવો પડશે. આ ઉપરાંત ૨૬/૧૧ મુંબઈ હુમલાના અપરાધીઓને સજા આપવી પડશે. ત્યાર બાદ જ સંબંધોમાં વિશ્વાસ સ્થાપિત થશે. ભારતે કઠોર શબ્દોમાં કહ્યુ છેકે સરહદ પર યુદ્ધવિરામનો ભંગ બંધ કરવો પડશે. જો એલઓસી પર યુદ્ધવિરામનો ભંગ જારી રહેશે તો વાતચીત કરવાનો કોઈ મતલબ રહેતો નથી. ઈદના પ્રસંગે કુખ્યાત આતંકવાદી અને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફીઝ સઈદની સભા અંગે અકબરુદ્દીને કહ્યુ હતુ કે અમારા માટે હાફીઝ મુંબઈનો માસ્ટર માઈન્ડ છે અને જ્યાં સુધી તેને તેના ગુનાઓની સજા મળશે નહીં ત્યાં સુધી ભારત માંગણી પર અકબંધ રહેશે. પાકિસ્તાનના વડાપ્રધાને એક સ્થાનિક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે સાથે મળીને નવી શરૂઆત કરવાની જરૂર છે. મૈત્રીપૂર્ણ માહોલમાં તમામ મુદ્દા પર ચર્ચા કરવાની જરૂર છે. બંને દેશોના સ્વતંત્ર દિવસ પહેલા નવાજ શરીફે આ વાત કરી હતી. ૧૯૪૭ પહેલા બંને દેશોના લોકો એક સાથે રહેતા હતા. સ્વતંત્રતાના ૬૫ વર્ષ થઈ ગયા છે. બંને દેશોની સમૃદ્ધિ અને સારા સંબંધો માટે વધુ જરૂરિયાત ઉભી થઈ છે.

વાતચીત માટે પાક સામે કઈ શરતો મુકાઈ.....

- અંકુશ રેખા પર યુદ્ધવિરામનો ભંગ બંધ કરવો પડશે
- પાકિસ્તાને સાનુકૂળ વાતાવરણ સર્જવા માટે યોગ્ય પગલા લેવા પડશે
- પાકિસ્તાનના વડાપ્રધાનની પહેલ પર હાલ કોઈ ચર્ચા નહીં થાય
- એલઓસી પર ભારતીય જવાનોની હત્યા અંગે પાકિસ્તાને જવાબ આપવો પડશે
- મુંબઈ હુમલાના અપરાધીઓને સજા આપીને સંબંધોમાં વિશ્વાસ સ્થાપિત કરવાના પ્રયાસો કરવા પડશે
- સરહદ પર યુદ્ધવિરામના ભંગ વચ્ચે વાતચીત કરવી બિલકુલ અયોગ્ય
- હાફીઝ સઈદ ભારત માટે એક આતંકવાદી છે



વડાપ્રધાનના ભાષણ ઉપર તમામની નજર

સ્વતંત્રતા દિવસ : ભાષણમાં પાક ગોળીબાર મુદ્દો ચમકશે

નવી દિલ્હી,તા. ૧૩

સ્વતંત્ર દિવસની ઉજવણીની તૈયારી અગાઉથી જ શરૂ થઈ ચૂકી છે. વડાપ્રધાન મનમોહનસિંહ ઐતિહાસિક લાલકિલ્લા ઉપરથી ભાષણમાં કયા મુદ્દા ઉઠાવશે તેને લઈને રાજકીય નિષ્ણાંતોમાં ચર્ચા શરૂ થઈ ચૂકી છે પરંતુ જાણકાર લોકોનું કહેવું છે કે સિંહ આ વખતે તેમના ભાષણમાં ભારતીય સરહદની સુરક્ષા માટે તેમના સરકારની કટિબદ્ધતા ઉપર પ્રકાશ ફેંકશે. સાથે સાથે પડોશી દેશો સાથે સારા સંબંધોની વાત કરશે. અંકુશ રેખા ઉપર પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધ વિરામના ભંગનો મુદ્દો પણ ઉઠાવશે અને પડોશી દેશોને કઠોર સંદેશો આપવાના પ્રયાસ કરશે. ૧૫મી ઓગસ્ટના દિવસે લાલ કિલ્લા પરથી મનમોહનસિંહ દેશને સંબોધન કરનાર છે. વિરોધ પક્ષો પહેલાથી જ આક્રમક દેખાઈ રહ્યા છે. સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે સિંહ તેમના ભાષણમાં અંકુશ રેખા પર થઈ રહેલા બનાવને લઈને કઠોર શબ્દો ઉચ્ચારે તેવી શક્યતા છે. વડાપ્રધાન દેશની સરહદો અને સુરક્ષા જવાનોની બાબતોનો પણ ઉલ્લેખ કરશે. જો કે તેમના સંબોધનમાં સપ્ટેમ્બરમાં યુએન ખાતે પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ સાથેની તેમની વાતચીતનો કોઈ ઉલ્લેખ કરાય તેવી શક્યતા ખૂબ ઓછી દેખાઈ રહી છે. યુદ્ધ વિરામના ભંગની સ્થિતિમાં પાકિસ્તાન સાથે સારા સંબંધોની વાત કરવી હાલ યોગ્ય દેખાશે નહીં.

સોના અને ચાંદી પર આયાત ડ્યુટીમાં ફરી વધારો ઝીંકાયો

નવી દિલ્હી,તા. ૧૩

સરકારે ભારતમાં વેચાણને અંકુશમાં મુકવાનાહેતુસર સોના અને ચાંદી પર આયાત ડ્યુટીમાં ફરીવાર વધારો કર્યો છે. સોના પર આયાત ડ્યુટીને પ્રવર્તામાન આઠ ટકાથી વધારીને ૧૦ ટકા કરી દેવામાં આવી છે. જ્યારે ચાંદી પર આયાત ડ્યુટી છ ટકાથી વધારીને ૧૦ ટકા કરી દેવામાં આવી છે. આવી જ રીતે રિફાઈન્ડ ગોલ્ડ ઉપર એક્સાઈઝ ડ્યુટી સાત ટકાથી વધારીને નવ ટકા કરી દેવામાં આવી છે. સરકારના આ પગલાઓને વેપારી કારોબારીઓ ખૂબજ મહત્વપૂર્ણ જોઈ રહ્યા છે જેની દૂરગામી અસર જોવા મળશે. રિફાઈન્ડ ગોલ્ડ પર એક્સાઈઝ ડ્યુટી વધારવા પાછળના કારણો સરકારે દર્શાવ્યા નથી. આ સમગ્ર ડ્યુટી વધારાથી સરકારની તિજોરીમાં ૪૮૩૦ કરોડ વધુમાં ઉમેરાશે. આ જાહેરાતની સાથે જ સોના અને ચાંદીની કિંમતમાં વધુ વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. સોના અને ચાંદીની આયાતને વર્તમાન ચિંતાજનક રીતે વધી રહેલી ખાતાકીય ખાદ્ય (સીએડી) માટે જવાબદાર ગણવામાં આવે છે. વર્તમાન ખાતાકીય ખાદ્ય વધીને રેકોર્ડ જીડીપીના ૪.૮ ટકા સુધી પહોંચી છે. વર્ષ ૨૦૧૨-૧૩માં જીડીપીના ૪.૮ ટકા સુધી સીએડી પહોંચી જતા સરકારની ઉંઘ હરામ થઈ હતી. નાણાંમંત્રી પી ચિદમ્બરમે કહ્યુ છેકે સરકાર વર્ષ ૨૦૧૩-૧૪માં સીએડીને જીડીપીના ૩.૭ ટકા સુધી નીચે લાવવાની યોજના ધરાવે છે. સોના અને ચાંદી પર આયાત ડ્યુટી ફરી એકવાર વધારવામાં આવી છે. સોનાની આયાતમાં બે ટકાનો અને ચાંદીની આયાત ડ્યુટીમાં ચાર ટકાનો વધારો કરવામાં આવ્યો છે. બને ઉપર ૧૦ ટકાની આયાત ડ્યુટી લાગુ પડશે. છેલ્લા આઠ મહિનાના ગાળામાં સોના અને ચાંદીની આયાત ડ્યુટીમાં ત્રીજી વખત વધારો કરવામાં આવ્યો છે. આજે નાણાં મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

કિસ્તવારમાં સ્થિતિ હજુય તંગ

કોમી હિંસાગ્રસ્ત વિસ્તાર કિસ્તવારમાં તમામ જગ્યાઓ ઉપર સંચાર બંધીને યથાવત્ રીતે અમલી રાખવામાં આવી છે. હિંસાના બનાવોને રોકવા માટે સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. અલબત્ત હિંસાગ્રસ્ત વિસ્તારોમાંથી નવેસરથી હિંસાના કોઈ બનાવ બન્યા નથી પરંતુ અજંપાભરી શાંતિ બનેલી છે. તમામ જગ્યાઓએ સૈનાએ મોરચા સંભાળેલા છે. સ્થિતિ વણસી જતાં ગઈકાલે જમ્મુ પ્રદેશના વધુ પાંચ જિલ્લાઓમાં સંચારબંધી લાદી દેવામાં આવી હતી. બીજી બાજુ હિંસાગ્રસ્ત વિસ્તારમાં સૈના દ્વારા ફ્લેગમાર્ચ કરવામાં આવતા લોકોમાં આંશિક રાહત થઈ હતી. શાંતિમાં ખલેલ પહોંચાડવા ઈચ્છુક તત્ત્વો સામે કઠોર પગલાં લેવા તંત્રને સૂચના આપવામાં આવી છે. સ્થિતિમાં સુધારો ન થાય ત્યાં સુધી સંચારબંધીમાં કોઈ રાહત નહીં મળે તેવી શક્યતા છે.

હવે વિજય માલ્યા કિંગફિશર વિલ્લા ગુમાવે તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૧૩

કિંગફિશર એરલાઈન્સના માલિક અને લિકવર સમ્રાટ તરીકે ગણાતા વિજય માલ્યાની હાલત દિનપ્રતિદિન કફોડી બનતી રહી છે. જો બેંક ધિરાણદારો તેમના વલણ ઉપર મક્કમ રહેશે તોવિજય માલ્યા હવે ગોવામાં તેમના લક્ઝરી કિંગફિસર વિલ્લાને પણ ગુમાવી દેશે. બેંકો પોતાના નાણાંની વસૂલી માટે કિંગફિશરની સંપત્તિ ઉપર કબજો જમાવી રહ્યા છે. કિંગફિશર એરલાઈન્સના ધિરાણદારોએ મુંબઈ વિમાની મથક નજીક એરલાઈન્સના હેડ ક્વાર્ટર કિંગફિશર હાઉસનો કબજો લઈ લીધા બાદ હવે ગોવામાં લક્ઝરી કિંગફિશર વિલ્લા ઉપર નજર કેન્દ્રીત કરી દીધી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કિંગફિશર હાઉસ ઉપર કબજો જમાવી દેનાર ધીરાણદારોપૈકીના એક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ હરાજી માટે આ સંપત્તિ મૂકી દીધી છે. આ સંપત્તિના વેચાણ મારફતે ઊભી થનાર રકમથી વસૂલી કરવામાં આવશે.

લોનની રકમ આશરે ૬૦૨૭ કરોડ જેટલી છે. ધિરાણદારો ગ્રૂપના હેલિકોપ્ટરો, સંપત્તિ અને યુબી ગ્રૂપ કંપનીના શેરનું પણ વેચાણ કરી શકે છે. લોનની સામે જામીન તરીકે કિંગફિશરે ઘણી બધી સંપત્તિ મૂકી હતી. ગયા વર્ષે ઓક્ટોબર બાદથી કિંગફિશરની સેવા બંધ રાખવામાં આવી છે. વર્ષ ૨૦૦૫માં ફ્લાઈંગની શરૂઆત કર્યા બાદથી આ એરલાઈન્સને એક રૂપિયાનો નફો નહીં થયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. બેંક, એરપોર્ટ, ફ્યુઅલ સપ્લાયર્સ અને સ્ટાફને પૂરતા નાણાં હજુ સુધી ચૂકવાયા નથી.

બેંકો પહેલાથી જ કેટલીક સંપત્તિ વેચીને નાણાંની વસૂલી કરી ચૂક્યા છે. ગઈકાલે કિંગફિશરના શેરની કિંમત ૩ રૂપિયા થઈ હતી. તેની સંપત્તિ સતત જપ્ત કરવામાં આવી રહી છે.

જજ બદલવાની લાલુની માંગ સુપ્રીમે અંતે ફગાવી

નવી દિલ્હી,તા. ૧૩

રાષ્ટ્રીય જનતાદળના વડા લાલુપ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડ મામલામાં આજે મોટો ફટકો પડ્યો હતોકારણ કે સુપ્રીમ કોર્ટેલાલુયાદવની જજને બદલી નાંખવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. ખાસ ન્યાયાધીશને બદલી નાખવાની અરજી ઉપર ચુકાદો આપતા જજને બદલી નાંખવાની અપીલને ફગાવી દીધી હતી. શક્ય તેટલી વહેલી તકે ટ્રાયલ પૂર્ણ કરવા સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો. લાલુએ તેમની અરજીમાં આક્ષેપ કર્યો હતો કે ટ્રાયલ કોર્ટના જજ પીકે સિંહ તેમની સામે પક્ષપાત ધરાવે છે કારણ કેતેઓ બિહારમાં નીતિશકુમારની સરકારમાં શિક્ષણ પ્રધાન પીકે સાહિના સંબંધી છે. નીતિશકુમાર તેમના સૌથી મોટા રાજકીય હરીફ છે. ઝારખંડ હાઈકોર્ટે અન્ય ખાસ સીબીઆઈ કોર્ટમાં તેમના કેસને ટ્રન્સફર કરવાની અરજીને ફગાવી દીધા બાદ લાલુ યાદવે સુપ્રીમમાં રજુઆત કરી હતી. સુપ્રીમ કોર્ટે લાલુ અને અન્યોની તેમની અંતિમ દલીલો પૂર્ણ કરવા ૧૫ દિવસની મહેતલ આપી છે જ્યારે તેમની રજુઆત પૂર્ણ કરવા પ્રોસિક્યુશનને પાંચ દિવસની મહેતલ આપી છે. સુપ્રીમ કોર્ટે વહેલીતકે કાર્યવાહી કરવાઅને ચૂકાદો જાહેર કરવા ટ્રાયલ કોર્ટને આદેશ કર્યો છે. આ કેસ વર્ષ ૧૯૯૦માં છાઈબાસા તિજોરીમાંથી ૩૭.૭ કરોડની રકમની ઉચાપત સાથે સંબંધિત છે. ફેબ્રુઆરી ૧૯૯૬માં બિહાર સરકાર દ્વારા એફઆઈઆર દાખલ કરાઈ હતી અને એક મહિના બાદ આ કેસને સીબીઆઈને ટ્રાન્સફર કરયો હતો. કોર્ટે કહ્યું છે કે ટ્રાયલ કોર્ટ રાંચી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા જે કાંઈ પણ કહેવામાં આવ્યું છે તેના ઉપર ધ્યાન આપ્યા વગર તેનો ચુકાદો આપશે. કોર્ટે કહ્યું છે કે લાલુપ્રસાદ યાદવ દ્વારા ટ્રાયલના આ તબક્કે જજ બદલવાની માંગણી બિલકુલ યોગ્ય નથી. ૨૦૧૧થી આ મામલામાં જજ સુનાવણી ચલાવી રહ્યા છે. લાલુએ એવો આક્ષેપ કર્યોહતો કે ટ્રાયલ કોર્ટના જજની બહેનના બિહારના પ્રધાન પી કે શાહીના સંબંધી સાથે લગ્ન થયેલા છે. શાહી તેમના રાજકીય હરીફ તરીકે છે. લાલુની આ દલીલને ફગાવી દેવામાં આવી હતી. કરોડો રૂપિયાના ઘાસચારા કૌભાંડે ૧૯૯૬માં બિહારમાં રાજકીય ગરમી જગાવી હતી. નવેમ્બર ૨૦૦૦માં બિહારમાંથી ઝારખંડની રચના કરવામાં આવી ત્યારે ૬૧ કેસો પૈકીના ૫૪ કેસ ઝારખંડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ૪૩થી વધુ કેસોમાં જુદી જુદી સીબીઆઈ ખાસ અદાલતો દ્વારા ચુકાદા આપવામાં આવ્યા છે. લાલુ યાદવ સામે સીબીઆઈના આજના ચુકાદાથી આરજેડીને મોટો ફટકો પડ્યો છે. આ અગાઉ સુપ્રીમ કોર્ટે ગયા મંગળવારે ચુકાદો અનામત રાખ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા મંગળવારે મુખ્ય ચીફ જસ્ટિસ પી. સથાશિવમના નેતૃત્વમાં ખંડપીઠે કહ્યું હતું કે અરજી પર ચુકાદો મોડેથી કરવામાં આવશે. ચીફ જસ્ટિસના નેતૃત્વમાં ખંડપીઠે ૯મી જુલાઈના દિવસે આ મામલામાં ચુકાદો આપવા ઉપર વચગાળાનો સ્ટેટ મૂકીને ઝારખંડ સરકાર અને સીબીઆઈને નોટિસ ફટકારી હતી. અરજીમાં લાલુયાદવે ઘણી બધી દલીલો કરી હતી.

સૌદાબાજીમાં નિયમોને પાળવામાં આવ્યા ન હતા

નવી દિલ્હી,તા. ૧૩

કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલે પોતાના અહેવાલમાં જણાવ્યુ છે કે સરકાર ઓગસ્ટા વેસ્ટલેન્ડને ૫૬૦ મિલિયનયુરોની લક્ઝરી હેલિકોપ્ટર સૌદાબાજી નક્કી કરતી વેળા સંરક્ષણ પ્રાપ્તિ સંબંધિત ધારાધોરણને પાળવામાં નિષ્ફળ ગઈ હતી. કેગે કહ્યુ છેકે ઓગસ્ટા વેસ્ટલેન્ડની તરફેણ કરવા માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કેગનાઆ અહેવાલથી યુપીએ સરકારને મોનસૂન સત્ર દરમિયાન મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ઈટાલિયનની ફિનમેન્સિયા નામની મહાકાય કંપનીના એક ભાગ રહેલા ઓગસ્ટા વેસ્ટલેન્ડ સાથે હેલિકોપ્ટર સમજૂતિ કરતીવેળા નિયમોની સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી હતી. સંસદમાં રજુ કરવામાં આવેલા તેના અહેવાલમાં કેગ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. કેટલાક એવા દાખલા મળી રહ્યા છે જેમાં મંત્રાલયે ડીપીપી નિયમોની જોગવાઈ તરફ ધ્યાન આપ્યુ ન હતુ.

ઈટાલી અને ભારત આ સૌદાબાજી મામલામાં તપાસ કરી રહ્યા છે. ઓગસ્ટા વેસ્ટલન્ડ હેલિકોપ્ટર માટે બેંચમાર્ક ખર્ચનો આંકડો ૪૮૭૧.૫ કરોડ હતો.

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

ઉત્તરાખંડમાં વાદળોની ટક્કરથી થયેલો વરસાદ હોય કે મુંબઈમાં થયેલી અતિવૃષ્ટિ કે આતંકવાદી હુમલો, સૂરતનો પ્લેગ કે પૂનાનો સ્વાઈન ફ્લ્યુ, ટ્રેનનો ગમખ્વાર અકસ્માત કે ગુજરાતનો પત્તાના મહેલની ઈમારતો ધરાશાહી કરતો ભૂકંપ, દક્ષિણ ભારતનાં તટે જયારે સુનામીનો પરચો આપવા શહેરમાં ઘુસી જાય કે પછી રથયાત્રા - ગણેશ મહોત્સવ હેમખેમ પાર પાડવો હોય જયાં જયાં આ બહાદુરોને બુમ પાડી છે ત્યાં ત્યાં માત્ર પોતાનો ફરજનાં ભાગરૂપે જ નહીં પણ પરિસ્થિતિ પોતાને અનુકૂળ કરીને, એકાદ હીરોની જેમ દરેક વાતનો સુખરૂપ અંત જ લાવવાનો!!

પર્વતમય અને જંગલોમાં પથરાયેલાં ઉત્તરાખંડ રાજયમાં જલપ્રલયનાં કારણે લગભગ ૪૦ બજાર ચો.કિ.મી. ભાગ પ્રભાવિત થયેલો. પર્વતમય રસ્તા અને પુલ ધ્વસ્ત થયેલા પ્રશાસને તો હાથ અદ્ધર કરી દીધેલાં અને એમાંય ભ્રષ્ટાચાર થયાની વાતો હવે બહાર આવવા લાગી છે અને એવી પરિસ્થિતિમાં આર્મીનાં જવાનો તૈનાત થયાં અને સ્વતંત્ર ભારતનાં ઈતિહાસમાં સૌથી મોટી બચાવ રાહત અભિયાન ઉપાડવામાં આવ્યું. મોટા ભાગનાં રસ્તા ગાયબ હતા, કેટલાયે ભાગો પાણીમાં ગરકાવ હતા. નદીનાં રૌદ્ર રૂપે જમીન પરની બચાવ કામગીરીમાં મર્યાદા આવી જતી. અને એટલે પછી હવાઈદળનાં હેલીકોપ્ટરનું ધાડું વધુટ્યુ અને યમદૂતનાં માર્ગમાં મોટો પથરો બની લોકોને બચાવવા સૈનિકો સતત ૨૪ કલાક મચેલા રહ્યા. અને આવી બધી તસ્વીરો તમે જોઈશ હશે, સ્વતંત્રતા દિવસ આવતી કાલે છે, એમની રોમાંચક કહાની વધુ આવતાં અંકે...

(ક્રમશઃ)

ચૂંટલો :

વરસાદનું જોરદાર ઝાપટું પડે ને આપણે બારી-બારણા બંધ કરવા દોડીએ છીએ. આ જાંબાઝ સૈનિકો વરસતાં વરસાદમાં અત્યંત કઠિન પરિસ્થિતિમાં આપણાં સગાઓને બચાવી લાવ્યા છે. આવતીકાલની સલામી એમનાં માનમાં મારીને ઋણ ચૂકવજો, વંદે માતરમ્.

સમાચાર ઝલક

- ♥ ઘાસચારા કેસમાં જજોની બદલી કરવા લાલુપ્રસાદ યાદવે કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી.
- ♥ ડુંગળી વિના રસોઇ એકલી પડી, ડુંગળીના ભાવમાં સતત વધારો.
- ♥ હેલીકોપ્ટર ખરીદીમાં નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનો રીપોર્ટ.
- ♥ બિહારમાં પણ કરફ્યુ.
- ♥ જમ્મુનાં રામગઢ સેક્ટરમાં વારંવાર પાકિસ્તાનનો ગોળીબાર.
- ♥ કિશ્તવાડ બાબતે સુપ્રીમે માંગ્યો અહેવાલ.
- ♥ ઇરાકમાં બોંમ્બ વિસ્ફોટથી ૧૫ વ્યક્તિઓનાં મોત.
- ♥ શ્રાવણ મહિનામાં વિવિધ ફળોની કિંમતો આસમાને.
- ♥ પાલનપુર રેલ્વે સ્ટેશને વરસતાં વરસાદ વચ્ચે હજારો મેટ્રીક ટન ઘઉંના જથ્થાનો બગાડ.
- ♥ ૮૦ ટકા કામ કરતી મહિલા પોતાના નિર્ણયો જાતે કરતી નથી.
- ♥ મોટી વયમાં પિતા બનવાની બાબત બાળક માટે સારી છે.
- ♥ પ્રોવિડન્ડ ફંડમાં ફરજિયાત કપાતની મર્યાદામાં વધારો થશે.
- ♥ એન.આર.આઇ. લગ્ન ધારામાં હવે ફેરફાર થશે, હવે ઠગાઇ નહિ ચાલે.
- ♥ અભિનેત્રી પૂનમ પાંડે હવે દેશી અવતારમાં દેખાશે : રીપોર્ટ.
- ♥ ભાવનગરમાં રેલ્વેના ટીટીનું ચાલુ ટ્રેને પડી જવાથી કરૂણ મોત.
- ♥ ટોચની કંપનીઓ પૈકી ઘણી હાલમાં કટોકટીમાં છે.
- ♥ દિલ્હીમાં ગાંધીજીની સમાધિ રાજઘાટ પર પહેલી વખત સશસ્ત્ર જવાનો તૈનાત કરાયા.
- ♥ હાફીઝ સઇદની ધમકી બાદ વિમાન અપહરણનો ખતરો, એરપોર્ટ પર એલર્ટ.
- ♥ રાખડી બજાર ઝળહળી ઉઠ્યું, ૩૫૦૦થી વધુ વેરાઇટી બજારમાં.
- ♥ મેડિકલ ટુરીઝમ ક્ષેત્રે ગુજરાત ભારતમાં ત્રીજા ક્રમે.
- ♥ મહારાષ્ટ્રમાં એમ.એમ.એસ. દ્વારા ઘરે બેઠાં શાકભાજીનું વિતરણ કરશે, ૧૩૦૦થી વધુ મહિલાઓને રોજગારી મળશે.
- ♥ વિદ્યાર્થીઓ આનંદો, હવે એક સાથે બે ડિગ્રી કોર્સ કરી શકાશે.
- ♥ દાઉદનું સીધું કનેક્શન પ્રધાનો સાથે હોવાની માહીતી ખુલ્લી પાડતી પોલીસ.
- ♥ ડોલરિયા પ્રવાહને આકર્ષવા ટૂંક સમયમાં વધુ પગલાની જાહેરાત.
- ♥ રાજયભરમાં ગમે ત્યાંથી મળશે ૭/૧૨ - ૮અ નાં નમૂના.